<u>લખતરના મહે. જ્યુડી. મેજી. ફ. ક. સાહેબની કોર્ટમાં, મુ.– લખતર</u>

<u>ફો. કે. નં. ૧૬૩ / ૨૦૨૬</u>

<u>આંક</u> – ...........

શ્રી સરકાર

....... ફરીયાદી

વિરુદ્ધ

(૧) કિરણકુમાર પ્રવિણભાઈ દેકવાળીયા

જાતે. – પટેલ, ઉ.વં. ૩૨, ધંધો. – ખેતી.

રહે – લખતર, શીયાણી દરવાજા પાસે,

તા. લખતર, જિ. સુરેન્દ્રનગર.

(૨) રમણીકભાઈ તળશીભાઈ ભુત

જાતે. – પટેલ, ઉ.વં. ૫૭, ધંધો. – ખેતી.

રહે – લખતર રબારી શેરી, તા. લખતર, જિ. સુરેન્દ્રનગર.

(૩) ધર્મેન્દ્રભાઈ હીરજીભાઈ ભુત

જાતે. – પટેલ, ઉ.વં. ૫૨, ધંધો. – ખેતી.

રહે – લખતર ભુતશેરી, તા. લખતર, જિ. સુરેન્દ્રનગર.

(૪) મુકેશભાઈ પરષોત્તમભાઈ ભુત

જાતે. – પટેલ, ઉ.વં. ૪૩, ધંધો. – ખેતી.

રહે – લખતર ભુતશેરી, તા. લખતર, જિ. સુરેન્દ્રનગર.

(૫) વિપુલભાઈ દેવજીભાઈ કાવર

જાતે. – પટેલ, ઉ.વં. ૪૪, ધંધો. – ખેતી.

રહે :– તા. લખતર, ભુત શેરી, તા. લખતર, જિ. સુરેન્દ્રનગર.

....... આરોપીઓ

<u>ગુન્હો :- જુગાર ધારા કલમ - ૧૨ મુજબ.</u>

<u>-: ચુકાદો :-</u>

(૧) આ કામમાં ફરીયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તમો આ કામના આરોપીઓએ ગઈ તારીખ ૧૬ / ૦૯ / ૨૫ ના કલાક ૧૪ / ૦૦ વાગ્યાના અરસામાં લખતર એ.પી. એમ. સી માર્કેટ યાર્ડની ઉત્તર તરફની દિવાલના પાછળના ભાગે જાહેરમાં ગંજીપાનાના પાના વડે તીનપત્તીનો પૈસાની હારજીતનો જુગાર રમી રમતા કુલ રુ. ૧૨૨૬૦/- તથા ગંજીપાનાના પાના નંગ-૫૨ કી. રુ ૦૦/૦૦ એમ કુલ ૧૨૨૬૦/- ના મુદ્દામાલ સાથે રેઈડ દરમ્યાન મળી આવતા તમો આરોપીએ જુગાર ધારા કલમ - ૧૨ મુજબ ગુનાની ફરીયાદ લખતર પોલિસ સ્ટેશન ફરીયાદીએ નોંધવાતા પોલિસે જરુરી તપાસ કરી આ કામના આરોપીઓ સામેનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી થવા સારુ રજુ રાખેલ.

(૨) આરોપીઓ અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં, આરોપીઓની આંક <u>૦૪</u> થી <u>૦૮</u> સુધી પ્લી રેકર્ડ કરતા, આરોપીઓએ ગુના અંગે ઈકરાર કરેલ છે. તેમજ આરોપીઓએ કબજે કરવામાં આવેલ મુદ્દામાલ અંગેનો કલેઈમ પુરસીસ **<u>આંક-૧૦</u>** થી રજુ રાખેલ છે. આરોપીઓએ મૌખિક રીતે જણાવેલ છે કે, તેઓ કુટુંબ કબીલાવાળા માણસ છે, ફરી આવો ગુનો નહી કરે, આ તેઓનો પ્રથમ ગુનો છે. જેથી દયા રાખવા અરજ કરેલ છે.

(૩) આરોપીઓને ગુનાની શીક્ષાની સમજ આપવામાં આવેલ, તેમ છતાં ગુનો કબુલ મંજુર રાખેલ હોય, આરોપીઓની સ્વેચ્છીક કબુલાતન માનવાને કોઈ કારણ નથી, આરોપીઓની રજુઆતો ધ્યાને લેતા

આરોપીઓને સબક સ્વેરુપે હળવી શિક્ષા કરવાથી ન્યાયનો હેતુ સરે તેમ હોય, જેથી આ કામમાં ન્યાયનાહિતમાં નીચે મુજબ હુકમ કરુ છું.

**-: હુકમ :-**

આ કામના દરેક આરોપીઓને બી. એન. એસ. એસ ની કલમ ૨૭૫ અન્યવે જુગાર ધારા – કલમ ૧૨ મુજબના શિક્ષાને પાત્ર ગુના બદલ તકસીરવાન ઠરાવી દરેક આરોપીઓને કોર્ટ ઉઠતા સુધીની સજા તેમજ દરેક આરોપી દીઠ **રુપિયા ૨૦૦/– (અંકે રુપિયા બસો પુરા) (રુપિયા ૨૦૦ x ૦૫ = કુલ રુપિયા ૧૦૦૦/–)** દંડ કરવામાં આવે છે. જો આરોપીઓ દંડ ન ભરે તો દિવસ ૦૨ (બે) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરું છું.

આ કામે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુજબ ગંજીપાંનાઓનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે તથા કબજે કરવામાં આવેલ ચલણી નાણાંઓનો અપીલ સમય બાદ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ રોજ સને ૨૦૨૬ ને માર્ચ માસની તારીખ ૧૪ મી ના રોજ સદર હુકમ સ્પેશયલ સીટીંગ અન્વયે લોક – અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૪/૩/૨૦૨૬

લખતર.

( એસ. કે. ત્રિવેદી )
જ્યુડી. મેજી. ફ. ક.,
લખતર.
( જે. જે. ૦૧૬૬૩ )